# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-05-2025** **Day: Wednesday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

**મોકડ્રીલ-૧:**

દેશભરમાં નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા  માટે આજે મોક ડ્રીલ યોજાશે.

આજે યોજાનારી મોક ડ્રિલ અંગે કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક યોજી. આ બેઠકમાં નાગરિક સંરક્ષણ મોક ડ્રીલની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાગરિક સંરક્ષણ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના મહાનિદેશકો અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગૃહ મંત્રાલયે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા દેશનાં 244 પસંદગીનાં જિલ્લામાં ગ્રામ્ય સ્તર સુધી સુરક્ષા અભ્યાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

-------------------------------------------------------------------------------------

**મોકડ્રીલ-૨ :**

ગૃહ મંત્રાલયના નિર્દેશ મુજબ , ગુજરાતમાં આજે 19 સ્થળ પર મોકડ્રીલ યોજાશે. સત્તાવાર યાદી મુજબ , અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જામનગર, ભુજ, ભાવનગર, કંડલા, નલિયા, અંકલેશ્વર, ઓખા, વાડીનાર, ભરૂચ, ડાંગ, કચ્છ, મહેસાણા, નર્મદા, નવસારી અને કાકરાપાર ખાતે મોકડ્રીલ યોજાશે. દરમિયાન હુમલા સમયે

પોતાનો બચાવ કઈ રીતે કરવો તે માટેની તાલીમ અપાશે. તેમજ હવાઈ હુમલાની ચેતવણી આપતા સાયરન વગાડવામાં આવશે. ઉપરાંક મોકડ્રીલ દરમિયાન બ્લેકઆઉટ પણ કરાશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં  ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સૂચિત એક્શન પ્લાનની સમીક્ષા કરવામાં આવી હતી. બીજી તરફ મોકડ્રીલને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને પણ આજે મહત્વની બેઠક યોજાઈ  , જેમાં મુખ્ય સચિવ પંકજ જોષી ,  રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અને નાગરિક સંરક્ષણના D.G. ઉપસ્થિત રહ્યા. દરમિયાન 20 જિલ્લાના કલેક્ટર અને અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------

<u>વીજ જોડાણ:</u>

રાજ્ય સરકાર દ્વારા ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણ આપવાની નીતિના નિયમોમાં ત્રણ ફેરફાર કરાયા છે. સત્તાવાર યાદી મુજબ  , ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરતાં લોકોને પણ 24 કલાક પૂરતી વીજળી મેળવી શકે તે માટે આ સુધારા કરાયા છે.

આ અંગે ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું , આ નિર્ણય બાદ ગામતળની બહાર રહેતા પરિવારોને હવેથી છ કિલોવૉટ સુધીનું સિંગલ ફેઝ વીજ જોડાણ માત્ર ફિક્સ ચાર્જ ભરીને મળશે. ગામતળની બહાર આવેલા સરકારના જાહેર એકમ અને વિવિધ એકમને અપાતા નવા વીજ જોડાણ માટે હવેથી માત્ર કિલોવૉટ આધારિક ફિક્સ ચાર્જ જ ભરવો પડશે. આ ઉપરાંત ગામતળની બહાર બિન-આદિવાસી વિસ્તારમાં હવેથી 10 મકાનમાં જૂથને પણ જ્યોતિગ્રામ ફિડરમાંથી વીજ જોડાણ અપાશે.

---------------------------------------------------------------------------------------

## વરસાદ:

હવામાન વિભાગની આગાહી મુજબ ,  રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પવન સાથે કમોસમી વરસાદ થયાના અહેવાલ છે.

સૌથી વધુ સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વરસ્યો છે. માવઠાના કારણે રાજ્યમાં અત્યાર સુધી 14 લોકોના અને 26 પશુઓના મોત થયા છે. જ્યારે 16 લોકો ઈજાગ્રસ્ત અને સાત મકાનને નુકસાનના અહેવાલ છે.

કચ્છમાં પણ અનેક સ્થળ પર ભર-ઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો.જીલ્લા નિયંત્રણ કક્ષ પાસેથી અમને મળેલી વિગતો મુજબ, અત્યારે ૬ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમ્યાન નખત્રાણા તાલુકામાં સૌથી વધુ ૨૨ મીલીમીટર જયારે ભુજ તાલુકામાં ૭ તો અંજાર તાલુકામાં ૪ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------------